# ડો શ્યામા પ્રસાદ મુખરજી – શિક્ષણ શાસ્ત્રી તરીકેનું વ્યક્તિત્વ

ડો.કલ્પનકુમારી વનમાળી ભાઈ પરમાર
પ્રાધ્યાપક સહાયક ,
તુલનાત્મક સાહિત્ય વિભાગ,
વી.ન.દ.ગુ.યુનિ. સુરત

## પ્રસ્તાવના :

માનવ એક સામાજિક પ્રાણી તો છે, પણ વિશેષ તેની પાસે મન અને બુદ્ધિ છે. તેથી તે એક જીવ પ્રાણી છે એમ કહીએ તો કશું ખોટું નથી.આજની વિકાસની હરણ ફાળમાં વિનાશની ગતિમાં સ્થિર થઈ રહ્યા છીએ, એવો ભાસ સ્વભાવિક રીતે થાય છે.દરેક માનવી પોતાનો વિકાસ કરવો હોય તો તેણે શિક્ષણ અનિવાર્યપણે લેવું જ પડે છે,પોતાના દુઃખો અને જરૂરિયાતની ટેવ સુખમાં તબદીલ કરવા માટે શિક્ષણ લેવું જરૂરી,ભારત દરેક મહાન વ્યક્તિએ દરેક મહાન વ્યક્તિએ કોઈને કોઈ વિચાર અથવા સિદ્ધાંત પ્રતિપાદિત કર્યા છે, જે માનવી જીવને સૃષ્ટિનું સર્વોતમ સુખ પ્રાપ્ત થાય આવા વિચારોથી પોતાના જીવનને સમૃદ્ધ બનાવવાનો પ્રકલ્પ મહાપુરુષો કરતાં હોય છે.તેમજ દરેક વ્યક્તિ તથા તેના મૂળ સ્વભાવને ઉચ્ચ દ્રષ્ટિ કોણમાં તબદીલ કરી તેમના જીવનને ઉચત્તમતા પ્રાપ્ત કરાવે છે.શિક્ષણ વ્યવસ્થા એ માનવીય મૂલ્યો કેમ જળવાવા જોઈએ તેની સ્મૃદ્ધિ ભારતમાં છે ભારતના એકાત્મતા માં છે.તેના વિદ્વાનો પણ છે.જેમાં શંકરચર્યા થી માંડી હાલના આચાર્યો એ બાબતે આજે પીએન સક્ષમ છે. વેદકાલીન શિક્ષણ વ્યવસ્થા તરફ જઈએ તો ભારતમાં અસંખ્ય ગુરુકુળો,વિશ્વ વિદ્યાલયો હયાત હતા. જેમાં કેટલાય વિદ્યાર્થી કોઈપણ મૂડી વગર અભ્યાસ કરતાં હતા.તે વૈભવ ભારતનો હતો તે શિક્ષણ વ્યવસ્થા ભારતની હતી.કેટલીક પ્રજાના આક્રમણ અને હુમલાને કારણે ભારતની શિક્ષણ પ્રણાલી પર હુમલાઓ થયા.સંપૂર્ણ રીતે ગુરુકુળ વ્યવસ્થા કચડાઈ ગઈ,તેમજ આ પ્રજાતિઓએ પોતાના સ્વાર્થની દુકાન ચલાવવા ભારતીય જ્ઞાન પરંપરાને પોતાના કબજામાં લઈ મન મરજી મુજબ છેડછાડ કરી.બદલવો કરી દીધા. સંપૂર્ણ રીતે અજ્ઞાનતા પીરસવાની પરંપરા ચાલુ કરવામાં આવી.શિક્ષણ વ્યવસ્થામાં આર્થિક ઉપરજનની વ્યવસ્થા તો શીખવે છે,પણ સમાજમાં કેવી રીતે રહેવું સહેવું તેના મૂલ્યો શીખવતા .તેથી વિદ્યાની દેવી સરસ્વતી એ પ્રતિક ભારતીય પરંપરામાં છે,

## શિક્ષણશાસ્ત્રી તરીકે :

સૌ પ્રથમ ભારતીય શિક્ષણ પ્રણાલી પર કોઈએ કૂથરા ઘા કર્યો હોય તો તે છે અંગ્રેજોએ.ભારતીય શિક્ષણમાં બદલાની ખેવના રાખી ભારતીય શિક્ષણ માં પોતાની વિચારની ટોપી મૂકીને ભારતીય ગુરુકુળ પરંપરા નો શિરછેદ કર્યો હતો.આમ અંકદરે બ્રિટિશ પ્રજાના આગમનથી અંગ્રેજી શિક્ષણ પર્મપરાનો પ્રાદુભાવ થયો હતો એમ કહીએ તો કશું ખોટું નથી આ સમય દરમ્યાન ભારતીય સમાજ આધુનિક સાહિત્ય અને ઉન્નત વિજ્ઞાનની તેમજ ટેક્નોલૉજી ના સંપર્કમાં આવે છે.આમ ભારતમાં આધુનિક શિક્ષણસંસ્થાઓ,નવી નવી વ્યવસાયી લક્ષી સંસ્થાઓ

ઉપરાંત પ્રાથમિક ,ઉચ્ચ પ્રાથમિક માધ્યમિક,ઉચ્ચતર વિદ્યાલયોનિ સ્થાપના આ સમય ગાળા દરમ્યાન થઈ હતી.અંગ્રેજોના સમયમાં આધુનિક શિક્ષણ વ્યવસ્થા સ્થપાઈ તો ખરી પરંતુ એક શૈક્ષણિક પરંપરાની આધારશીલા બનાવવામાં આવી. આ સમય દરમ્યાન કોંગ્રેસ પક્ષે પોતાના કલકત્તા અધિવેશનમાં સર્વ સંમતી સાથે ૭ ઓગસ્ટ ૧૯૦૫માં રાષ્ટિય આંદોલનની શરૂઆત કરવાનો ઠરાવ કરવામાં આવ્યો.જે ઠરાવ ના ચાર મુદ્દા ને આધીન આંદોલન કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેમાં પ્રથમ સ્વરાજ્યની પ્રાપ્તિ બીજું સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ ,ત્રીજું વિદેશી વસ્તુનો બહિષ્કાર અને ચોથું રાષ્ટ્રીય શિક્ષણની માંગણી .આ આંદોલનમાં જે ભારતીય પશ્ચિમી શિક્ષણ લઈ બેરોજગાર બની તેમના કેટલાક લોકોનો આક્રોશ પણ આ આંદોલન માં સામેલ હતો કારણ કે અંગ્રેજોએ સમકક્ષ હોવા છતાં તેમને સ્વીકારતા ન હતા. તેમાના કેટલાક ગણી ન શકાય એટલા લોકો જોડાયા હતા. ઉપરાંત પરંપરા ગત શિક્ષણ લેતો વર્ગને હવે શિક્ષણ મળવાનું બંધ થતાં તેમણે ગુગણામણ થવા લાગી આમ સમાજનો પ્રબુદ્ધ વર્ગ પણ પોતાની શિક્ષણ પ્રણાલી ની માંગણી માટે આ આંદોલનમાં જોડાયો. આ આંદોલન રાષ્ટ્રીય આંદોલનનું સ્વરૂપ મળ્યું જેના કારણે ઘણા છાત્રો,વિદ્યાર્થીઓએ આ શિક્ષણ સંસ્થાઓ ન બહિસ્કાર કર્યો.હવે પ્રશ્ન એ થયો કે આ વિદ્યાર્થઓને શિક્ષણનું કોઈ માદયમ આપવું જોઈએ જેથી શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી.જેના ભાગ સ્વરૂપો નવી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી.આ બાબતે બંગાળ અગ્રેસર રહ્યું હતું કારણ કે ત્યાં ૫૧ રાષ્ટ્રીય હાઈસ્કૂલની સ્થાપના કરી ઉપરાંત ઉચ્ચ શિક્ષા માટે કલકત્તા ખાતે રાષ્ટ્રીય કોલેજની સ્થાપના પણ કરવામાં આવી હતી.આંદોલનની પૂર્વભૂમિકા સ્વરૂપે આંદોલનને જે પ્રમાણે વેગ મળવો જોઈએ તેવો વેગ મળ્યો નહીં બીજી બાજુ કોંગ્રેસે ૧૯૧૦ના અધિવેશનમાં નિઃ શુલ્ક પ્રાથમિક શિક્ષણ મળે તે માટેનો ઠરાવ પસાર કરે છે,આ વિચારને પણ કોઈ બીજ મળ્યું નહીં ૧૯૧૧માં બંગાળના વિભાજનને કારણે શિક્ષણ પરત્વેની રસ અને રુચિ નહિવત દેખાય ત્યાર બાદ ૧૯૨૦ ના મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ અસહયોગ આંદોલન ચાલ્યું જેમાં ભારતીય શિક્ષણ પરંપરા ને કોઈક અંશે વેગ મળે છે.

બીજી બાજુ દેશમાં શિક્ષણ પરત્વેની જાગૃતતા અને તેની માંગ થવા લાગી.ટેન જવાબીરૂપે સરકારે ૨૧ ફેબ્રુઆરી ૧૯૧૩ માં શિક્ષણ નીતિ સંદર્ભે એક પ્રસ્તાવ લાવવામાં આવે છે,જે શિક્ષા નીતિ માં ફેરફાર કરી તેને થોપી દેવાનો પ્રયોગ સરકાર કરે છે આ પ્રસતાવમાં વિશેષતા એ હતી કે નિઃ શુલ્ક શિક્ષણ અને પ્રાથમિક શિક્ષણનો બહિષ્કાર હતો. નિરક્ષરતા દૂર કરવાનું એક બહાનું આપી દેવામાં આવે છે. ૧૯૧૩ માં આ પ્રસ્તાવ અનુસાર શિક્ષણનો પ્રચાર-પ્રસાર તો થવા

લાગ્યો.જેના બીજા જ વર્ષે ૧૯૧૪માં પ્રથમ  વિશ્વ યુદ્ધ ફાટી નીકળે છે તેથી આ પ્રસ્તાવ ને કાર્યાન્વિત કરવાનું મોકૂફ રાખવામા આવે છે.આમ એકંદરે ૧૯૧૩ની શિક્ષનીતિના પ્રસ્તાવથી એ વાત સ્પષ્ટ થઈ ચૂકી હતી કે, ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરી તેને જડ બનાવવાની એક ચાલ હતી.જેમાં આધુનિક શિક્ષણ વ્યવસ્થા ઊભી કરી પોતાની મરજી મુજબની શિક્ષણ વ્યવસ્થા મૂકી ભારતીય શિક્ષણ વ્યવસ્થાને પાંગળું બનાવવાની એક ષડ્યંત્ર જોવા મળે છે.

આધુનિક શિક્ષણના હિમાયતી ભારતીય શિક્ષણ વ્યવસ્થા પાછી કેમ આવે તેની ગડમથલ કરતાં હતા ? જેમાં ૧૯૧૬માં આશુતોષ મુખર્જી એ ઉચ્ચ શિક્ષણનો પ્રારંભ કરે છે, ભારત સરકારનું ધ્યાન તેમના પર પડે છે.ભારત સરકારે ૧૯૧૭ માં કલક્તા આયોગની રચના કરી.જેની જાહેરાત ડો માઈકલ સેડલરે કરી જે લીડ્સ વિશ્વ વિદ્યાલયના કુલગુરુ હતા.આ આયોગમાં બીજા બે ભારતીય સભ્યો હતો જેમાં ડો આશુતોષ મુખરજી અને ડો જીયાદ્દીન અહમદનો સમાવેશ કરવામાં આવ્યો હતો.જેમનું કરી હતું કલક્તા વિશ્વવિદ્યાલયની દશા અને દિશા નક્કી કરવાનું  ઉપરાંત,શિક્ષણ સંદર્ભેની સ્મસ્યને નીતિગત સિદ્ધાતો અનુસાર વિચાર કરવાનું હતું.

ડો આશુતોષ મુખરજી તે ડો શ્યામાપ્રસાદ મુખરજીના પિતા આ સમયે તેમની પાસે શિક્ષણ નું માધ્યમ ને લઈ ને ઘણા મતભેદોની  સામગ્રી હતી,તેથી કમિશને નક્કી કર્યું કે દરેકે બે ભાષા શીખવી અનિવાર્ય છે, જેમાં અંગ્રેજીનો ઉપયોગ અને પપ્રાદેશિક ભાષાને વૈજ્ઞાનિક ઢબ આપવામાં આવે.જેમાં હાઈસ્કૂલ માં પપ્રાદેશિક ભાષા અને આગળના ચાર વર્ષમાં અંગ્રેજી અને ગણિત પણ અંગ્રેજીમાં ભણાવવામાં આવે.જેના કારણે મેટ્રિક ના અભ્યાસમાં બે ભાષાનો ઉપયોગ કરવાનો વિકલ્પ રજૂ થાય છે.જેમાં અંગ્રેજી એને ગણીતનુ ઉત્તરનું માધ્યમ અંગ્રેજી અને બીજા વિષયો માટે પ્રદેશિક ભાષા નો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવે છે.આમ એકંદરે અંગ્રેજી ભાષાને સ્થાપના થઈ અને મેટ્રિક પછીનો અભ્યાસ સંપૂર્ણ રીતે અંગ્રેજી માધ્યમ રહેશે.ત્યારથી અંગ્રેજી ભાષાના સ્મૃદ્ધિ ના દ્વાર ખૂલે છે.આમ આ પ્રિસ્થિતિને જોઈને કલકતા વિશ્વવિદ્યાલયના આયોગ આ બાબતે મંથન કરે છે.એમાં એવું નક્કી થયું કે શિક્ષિત વ્યક્તિ પોતાની ભાષા માં વાત વ્યવહાર ણ કરે તો તે યોગી નથી.તેના કારણે નક્કી કરવામાં આવ્યું કે હવે પછી શિક્ષિત વ્યક્તિઓને પોતાની ભાષામાં ભણાવવામાં આવે જે રીતે તેને પ્રોત્સાહન મળી શકે છે,

૬ ડિસેમ્બર ૧૯૫૦માં હિન્દી દિવસ પર ડો શ્યામા પ્રસાદ મુખર્જીયાએ કહ્યું હતું કે “ ભારતમાં કેટલીય ભાષા છે,જો આપણે વિગત પૂર્વક પાછલા વર્ષોમાં જોઈએ તો દેશના તમામ વર્ગ માટે એક ભાષા લાગુ કરવું સંભવ નથી મારા એક મિત્રએ કહ્યું હતું કે એક દિવસ એવો આવશે કે

ભારત ની ફક્ત એક ભાષા હશે.ઈમાન ડરી પૂર્વક જણાવવું તો આ બાબતે હું અસહમત છું.પરંતુ તેનું તાત્પર્ય એ નથી કે ભારતની અખંડીતતાના નિર્માણ માટે આ વાત ને નજર અંદાજ કરવી યોગ્ય નથી.આ આપણાં ભવિષ્ય નિર્માણની આધારશિલા છે.દેશની રાષ્ટ્રીય અખંડીત્તાને પપ્રાપ્ત કરવા માટે આવા પરિબળોનો સહયોગ ખૂબ જરૂરી છે.જે ગરિમા ,સહાનુભૂતિ અને આત્મ સન્માનથી કાર્ય કરવા મહત્વ નું સાબિત થાય છે. ભારત દેશને એ બાબતનું ગર્વ છે કે આપણી ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી અનેક ભાષાઓ છે ,તેમજ દરેક ભાષાએ પોત પોતાની રીતે ભારતને જીવન દર્શન અને સભ્યતામાં યોગદાન કર્યું છે, જે આપણી સમક્ષ છે.શિક્ષા ક્ષેત્રનું સ્વરૂપ તેમની ડાયરીમાં જોવા મળે છે.તેમાં તેમણે શિક્ષણ ને રાજકીય અને બિનસાંપ્રદાયિક બાબતનું સાધન ન બને તેના આગ્રહી હતા.તેમણે આ બાબતે પ્રજા સમક્ષ જાગૃતતા કેળવવા પ્રયત્નો કર્યા હતા.

ડો શ્યામા પ્રસાદ મુખરજીમાં તેમના પિતાજીની છબી જોવા મળતી હતી. તેઓ વિદ્યાર્થી કાળમાં પિતાની દરેક શૈક્ષણિક પ્રવુતિથી વાકેફ હતા.જેના કારણે તેમનામા પ્રશિક્ષણ લેવાની વૃતિ ઝડપથી ખીલેલી જોવા મળે છે.૨૩ વર્ષની ઉમરે જ તેઓ કલક્તા વિશ્વ વિદ્યાલયના સેનેટ સભ્ય તરીકે ચૂટાય છે.ઉપરાંત સિન્ડિકેટ,વિધાન પરિષદના સભ્ય જેવા પડોને શોભાવે છે.૩૩ વર્ષની ઉમરે જ તેમને કલકતા વિશ્વવિદ્યાલયના કુલગુરુ તરીકે નિમણૂક થાય છે.

વર્ષ ૧૯૩૫માં બંગાળમાં મુસ્લિમ લીગની સરકાર બનતાની સાથે જ શિક્ષણ વ્યવસ્થા પર પ્રહાર કારવાનું શરૂ કરે છે.આમ તેમના પિતા અને તેમની મહેનત પર પાણી ફરી જાય છે. આ પરિસ્થિતી દરમ્યાન કોંગ્રેસે રાષ્ટ્રના હિતોને ખોરંભે મૂકી મુસ્લિમ લીગ સાથે સમાધાન કરી લે છે,જે બાબતે કોંગ્રેસ ના નેતાઓને જાણ કરવા છતાં કોઈ પગલાં ન લેતા તેમણે મુસ્લિમ લીગની સરકાર પાડવાના પ્રયાસો શરૂ કરી દીધા.તેમણે બિન કોંગ્રેસી નેતાઓ જે હિન્દુનેતા હતા તેમને એકત્ર કરી કૃષક પ્રજા પાર્ટી સાથે મળીને સરકાર બને છે જેમાં તેઓ નાણાં મંત્રી તરીકે જવાબદારી નિભાવે છે.આ ઘટના બનતા જ સમગ્ર બંગાળમાં એક સફળ રાજનેતા તરીકે પોતાની પ્રતિષ્ઠા ઊભી કરે છે.આ ઐતિહાસિક સમય ગાળામાં શિક્ષણ નો ઉપયોગ એક સાધન તરીકે થવા લાગ્યો.તેમજ ભારતીય સમજનોવર્ગ પણ અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરી સંસ્કૃતિ નો ફેલાવો કરે.અને આવા શિક્ષિત ભારતીયો થકી શાસન કરવું શહેલું રહેશે એવિ માન્યતા બ્રિટિશરોને થઈ હતી.બ્રિટિશ વર્ગ તેઓને જ નોકરી આપતા જીઓ અંગ્રેજી આવડતું હોય.જેના કારણે ભારતીય અંગ્રેજી ભાષા શીખવા મજબૂર બને છે.વર્ષ ૧૯૩૫માં લોર્ડ બેંટિકના સમયમાં લોર્ડ મેકોલ દ્વારા

સ્કૂલોમાં અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ મળે તેઓ આગ્રહ રાખવામા આવે છે.જેને કારણે ઈતિહાસમાં ક્રાંતિકારી પરિવર્તનો થયા એવું નોધવામાં આવ્યું છે પણ તે પરીવર્તન બ્રિટિશરો માટે થયા હતા.ભારતીયો માટે નહિ.એએમ પરીવર્તનનો પવન ભારતીય સમાજમાં પણ ફેલાયો જેના કારણે જાગરુકતા આવી.અંગ્રેજી સાહિત્ય અભ્યાસમાં આવ્યું જેમાં રાષ્ટ્રીયતા ની ભાવનાઓ જોવા મળે છે.જેના પરિણામે ભારતીય શિક્ષિત સમાજમાં રાષ્ટ્રીય આંદોલનની શરૂઆત થાય છે.આમ ડો શ્યામા પ્રસાદ મુખરજીએ એવિ શિક્ષણ વ્યવસ્થાને પ્રોત્સાહિત કરી જેનાથી ભારતીય લોકોનો માનસિક વિકાસ માટે ખૂબ આવશ્યક બાબતો હોય.કુલગુરુના કાર્યકાળ દરમ્યાન તેમને શિક્ષણ ક્ષેત્રે ઘણા બદલાવ અને સુધાર કર્યા, માધ્યમિક શિક્ષણ નું પુનઃ રુત્થાન કર્યું,બંગાળી ભાષા શિક્ષા અને પરીક્ષાનું માધ્યમ બનાવ્યું.તેમજ લલિત કળા,ભારતીય કળા,શિક્ષક પ્રશિક્ષણ,ગ્રંથા લયોની રચના કરી હતી.તેઓ એક હોશિયાર વિદ્યાર્થી તરીકે પોતાની છાપ છોડે છે અને શૈક્ષણિક લાયકાતો તેમની સામે પણ વાંઝણી પુરવર થાય એવું તેમનું શિક્ષણ ક્ષેત્રે યોગદાન હતું.

શિક્ષણ, સાહિત્ય અને સંસ્કૃતિ કાળમાં તેઓ વિદ્વાન તો હતા જ પણ એક કાર્યકર ની સાથે મોટા નેતા પણ હતા.જેથી જ સંસ્કૃતિ અણે ધર્મનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરી વિદ્વાન લોકોનું ધ્યાન ખેચે છે,ઉપરાંત ભાષણ માલા નું આયોજન કરે છે,આ આયોજનમાં વિદ્વાન લોકોને આ મ ન્ત્રિ ત કરે છે જેમાં રવીન્દ્ર નાથ ટાગોરને પણ બોલાવે છે ત્યાર બાદ જ તેમની મિત્રતા ગાઢ બને છે.બીજી બાજુ વિદ્વાનોની ટોળીએ બ્રિટિશ કાળમાં ઉચ્ચ શિક્ષણ ની ગતિમાં વધારો કરે છે.તીવ્ર ગતિથી વિકાસ થાય છે ,વિશ્વ વિદ્યાલયોની સ્થાપના પણ થાય છે પણ તે શિક્ષણ માં ગુણાત્મકના અભાવે ઉચ્ચ શિક્ષણ સ્થિતિ નબળી બને છે.ડામાડોળ થવા લાગે છે.વિશ્વ વિદ્યાલયના ઈતિહાસમાં આ સમય ખૂબ મહત્વ પૂર્ણ હતો.જેમાં રવીન્દ્ર નાથ ટાગોરની પણ હાજરી હતી.શ્યામા પ્રસાદ શાંત બેસે એવા ના હતા પોતાની રાષ્ટ્રભૂમિ માટે રાજકીય ક્ષેત્રમાં પણ પોતાની ભૂમિકા અદા કરે છે.માતૃભાષાના હિમાયતી એકલા હાથે લડનારા પ્રથમ વ્યક્તિ તેઓ હતા એમ કહીએ તો કશું ખોટું નથી.

વર્ષ ૧૯૪૭ માં ભારત આઝાદ થયું ત્યાર બાદ રાષ્ટ્રની આવશ્યકતા અનુસાર ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરવી જેના ભાગ રૂપે ૧ નવેમ્બર ૧૯૪૮માં ડો સર્વપલ્લી રાધાકૃષ્ણના અધ્યક્ષ હેઠળ વિશ્વ વિદ્યાલય આયોગની રચના કરવામાં આવે છે. બીજી બાજુ અંગ્રેજી ભાષાનો પ્રભાવ સામાજિક,રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે વ્યાપક બન્યો જેથી ૨૦ મી સદીની શરૂઆતમાં રશ્ત્વાડી

નેતાઓ દ્વારા એક વિચાર સ્થિર થાય છે કે અંગ્રેજીના સ્થાને એક એવિ ભાષા જોઈએ જે રાષ્ટ્રવાદ તરીકે ઓળખ ધરાવે.

આમ ડો શ્યામા પ્રસાદ મુખરજી શિક્ષણ ક્ષેત્રે એક શિક્ષણ શાસ્ત્રી તરીકે શૈક્ષણિક નીતિ અને પદ્ધતિનો સમન્વય કરી એક શિક્ષણના હિમાયતી તરીકે પોતાની છાપ છોડે છે.તેમનું માનવું હતું શિક્ષણ જ વ્યક્તિનું ચારિત્ર્ય –શરીર  નક્કી કરે  જેનાથી જ રાષ્ટ્ર એક સમર્થ શક્તિ બની શકે છે. તેમના શિક્ષણ ક્ષેત્રના ઉપક્રમો પણ આપ્યા છે.

૧) ઉચ્ચ વૈજ્ઞાનિક શિક્ષણ અને સંશોધન માટે સગવડતા પૂર્વક નું આયોજન.

૨) દરેક માટે પ્રાથમિક શિક્ષણ અનિવાર્ય તેમજ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓએ માટે નિઃશુલ્ક અભ્યાસની વ્યવસ્થા.

૩) વ્યવસાયી અને પૌદ્યોગીક અભ્યાસ –વોકેશનલ અને ટેકનિકલ

૪) દરેક વયસ્ક માટે સૈનિક અભ્યાસ

ડો શ્યામા પ્રસાદ મુખરજી એક શિક્ષણ શાસ્ત્રી  તરીકેનું યોગદાન ઘણું મૂલ્યવાન છે,પણ તેમનાથી હજુ પણ કેટલોક શિક્ષિત વર્ગ વિમુખ છે તેમની શિક્ષણ પ્રણાલી પરત્વે નજર અંદાજ કરવામાં આવ્યું છે એ સ્વીકારવું અનિવાર્ય થઈ પડે હવે પછીના ધ્યેયમાં તેમના સંકલ્પો પૂર્ણ થાય અને વિદ્યાની દેવી સર્વને શિક્ષણથી પવિત્ર કરે અને ભારત એક મહાન વિરાસત તરફ આગળ વધે એમાં દરેક  ભારતીયનું નાનું મોટું યોગદાન હશે,એજ ભારતીયતા ની સાચી શિક્ષણ પ્રણલી છે,એમ હું માનું છું.